ક્રમાંક /મઉમશબ/સંશોધન/OSD/૯૦૦૨/૯૦૪૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.૨૨/૦૧/૨૦૧૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ,
(તમામ)

**વિષયઃ-** માધ્યમિક શાળાઓ માટેનો ગુણોત્સવ યોજવા બાબત.
**સંદર્ભઃ-** મા.મંત્રીશ્રી (શિક્ષણ) ના તા.૨૦/૦૧/૨૦૧૪ ના નોંધ પરના આદેશ અન્વયે.

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુણવત્તાનું સ્તર ચકાસવાનો અને અધ્યયનના સ્તરને અનુરૂપ ગુણવત્તા સુધારણા કાર્યક્રમોને અમલમાં મૂકવા માટેનો ઉત્સવ એટલે ગુણોત્સવ. આ કાર્યક્રમ સમગ્ર દેશમાં પ્રથમ વખત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સદર ગુણોત્સવ નીચેના હેતુઓને ધ્યાનમાં રાખી યોજવાનું નક્કી કરેલ છે.

1) ધોરણ-૯ માં અભ્યાસ કરતાં બાળકોના અધ્યયનન સ્તરનું મૂલ્યાંકન કરવું.
2) રાજ્યની માધ્યમિક શાળાઓમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓનું શૈક્ષણિક ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં ઉપયોગિતાનું મૂલ્યાંકન કરવું.
3) શિક્ષકોની કામગીરીનું સ્વ મૂલ્યાંકન કરાવવું.
4) શાળામાં હાથ ધરવામાં આવતી સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવું.
5) આ ગુણોત્સવને કારણે વિદ્યાર્થીઓના અધ્યયન સ્તરને અસરકર્તા પરીબળો, અધ્યયન સ્તર સુધારણા માટેના સૂચનો, વિષય શિક્ષકોની વિવિધ માહિતી પરથી તેમની ક્ષમતાની વિદ્યાર્થીઓના પ્રદર્શન પર અસર વગેરેનું પૃથ્થકરણ અને તેના આધારે ઉપચારાત્મક કાર્યક્રમો અને તાલીમો ગોઠવી શકાશે.

વાલીઓ- વિદ્યાર્થીઓ- શિક્ષકો- આચાર્યશ્રીઓ અને સંચાલકશ્રીઓ તથા વહિવટીતંત્ર ઈચ્છે છે કે, રાજ્યમાં ચાલતી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્તરમાં વધુ ગુણાત્મક સુધારો થાય. તે હેતુને ધ્યાનમાં નીચે મુજબનું રાખી સમગ્ર આયોજન હાથ ધરવામાં આવે છે.

1) રાજ્યની સરકારી, બીન સરકારી - ગ્રાન્ટેડ અને સ્વ નિર્ભર તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓએ આ ગુણોત્સવ કરવો ફરજિયાત છે.
2) આ ગુણોત્સવ ઇન્ડેક્ષ નંબર ધરાવતી શાળાઓ માટે છે અને ધોરણ-૯ ના તમામ વર્ગોમાં આ ગુણોત્સવ કરવાનો છે.

3) પાંચ વિષયોના બહુ વૈકલ્પિક પ્રશ્નપત્રો દ્વારા ધોરણ-૯ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

4) મુખ્ય પાંચ વિષય ગુજરાતી ,ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી,સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી રહેશે. આ અંગેના પ્રશ્નપત્રો તેમજ શાળા સ્વમૂલ્યાંકન પુસ્તિકા બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પહોંચાડવામાં આવશે.

5) બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા.૧૦/૦૨/૨૦૧૪ ના રોજ પ્રશ્નપત્રો અને અન્ય સાહિત્ય પહોંચાડવામાં આવશે.

6) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પોતાના જિલ્લામાં આવેલા શાળા વિકાસ સંકુલોને શાળાઓની સંખ્યા પ્રમાણે તમામ સાહિત્ય તા.૧૧/૦૨/૨૦૧૪ ના રોજ આપી દેવાનું રહેશે.

7) તા.૧૨/૦૨/૨૦૧૪ ના રોજ શાળા સંકુલના કન્વિનરે પોતાના તાબામાં આવેલી સંકુલની તમામ શાળાઓને સાહિત્ય પહોંચાડી દેવાનું રહેશે.

8) પાંચ વિષયોની પરીક્ષા તા.૧૩ અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ પુસ્તિકામાં આપેલ ટાઇમ ટેબલ મુજબ લેવાની રહેશે.

9) પરીક્ષા લેવાનો સમય ,ટાઇમ ટેબલ અને તારીખ સમગ્ર રાજ્યમાં એક સરખી તા.૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના ૨૦૧૪ છે. તેથી પરીક્ષાના ટાઇમ ટેબલને સંપૂર્ણપણે વળગી રહેવું.

10) પરીક્ષાના પ્રશ્નપત્રોની સાથે શાળાના આચાર્યશ્રીને ભરવાની માહિતી અને સ્વમૂલ્યાંકન પુસ્તિકા મોકલવામાં આવશે. જે શાળાના આચાર્યશ્રીએ. ચોકસાઇથી ભરવાની રહેશે.

11) શિક્ષક માહિતીપત્રક પણ દરેક શિક્ષકે તેની ઝેરોક્ષ કરાવીને વ્યક્તિગત વિગતો ભરવી.

12) આચાર્યની, શિક્ષકોની અને સ્વ મૂલ્યાંકન પુસ્તિકાની બાકીની તમામ વિગતો ૧૫/૦૨/૨૦૧૪ સુધીમાં ફરજિયાત પણે પૂર્ણ કરવાની છે.

13) સ્વ મૂલ્યાંકન પુસ્તિકાની વિગતો તેમજ પ્રશ્નપત્રોના પરિણામની માહિતી આ તમામ બાબતો શાળાએ પોતે ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની છે અને તે તા. ૨૮/૨/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

14) આ કામગીરીમાં શાળાના આચાર્યશ્રીની ભૂમિકા અગત્યની રહે છે અને તેમણે દરેક તબક્કે માર્ગદર્શન અને મોનીટરીંગ કરવાનું રહેશે. શાળાના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે આ કામગીરીમાં મદદરૂપ રહેવાનું રહેશે.

15) વિષય શિક્ષકોને પોતાના વિષયની કસોટીની વિગતોની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની જવાબદારી તેમની પોતાની અંગત રહેશે.

16) ગુણોત્સવના સંપૂર્ણ કામગીરીના માર્ગદર્શન અને સંકલન માટે શાળાના આચાર્યશ્રી એક શિક્ષકને કે જેઓ કોમ્પ્યુટરની બાબતોથી જાણકાર હોય તેમને લાયજન તરીકે નિમણૂંક કરશે અને તેમની મદદથી સમગ્ર શાળાના ગુણોત્સવના કાર્યક્રમને સમયસર પૂર્ણ થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવશે.

17) ગુણોત્સવ સંદર્ભે પરીક્ષા સંચાલન, ઓનલાઇન ડેટા એન્ટ્રી અને કાર્યપ્રદ્ધતિ અંગે નિષ્ણાંતો મારફતે બાયસેગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમ તા.૦૭/૦૨/૨૦૧૪ ના રોજ ૧૧:૦૦ થી ૧:૦૦ ના સમય દરમ્યાન બાયસેગ મારફતે પ્રસારિત થશે. તેથી શાળાના તમામ શિક્ષકો , આચાર્યશ્રી, અને બિન શૈક્ષણિક સ્ટાફે આ તાલીમ લેવી ફરજિયાત છે અને તે માટે બાયસેગ દ્વારા પ્રસારણ થાય તે માટે ડિશનું સેટીંગ વગેરે ગોઠવવા માટેનું એડવાન્સ આયોજન કરી લેવું.

18) આ જ તાલીમ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ ૧૦/૦૨/૨૦૧૪ ના રોજ ૧૧:૦૦ થી ૧:૦૦ ના સમય દરમ્યાન બાયસેગ મારફતે પ્રસારિત કરવામાં આવશે. તેથી કોઇ બાબતનો ખ્યાલ ન આવ્યો હોય તો ફરીથી જોઇને માર્ગદર્શન મેળવી શકાય.

19) કોઇ કારણસર શાળામાં ડિશ ટીવીથી બાયસેગ પ્રસારણ જોઇ શકાય તેમ ન હોય તો અન્ય વિકલ્પો શોધીને પણ બાયસેગ કાર્યક્રમ જોવો ફરજિયાત છે.

20) શાળાના આપેલા પ્રશ્નપત્રો , સ્વ મૂલ્યાંકન પુસ્તિકા વગેરે શાળાએ પોતાની પાસે સાચવી રાખવાના છે જે માંગણી થયે બોર્ડને આપવાના રહે છે.

21) વિગતે માર્ગદર્શન તેમજ જરૂરી માહિતી વખતો વખત બોર્ડના વેબસાઇટ www.gseb.org માં મૂકવામાં આવશે.

અધ્યક્ષ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

➢ સવિનય નકલ રવાનાઃ-

(૧) અંગત સચિવશ્રી,
મા. શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય , સચિવાલય, ગાંધીનગર

(૨) અંગત સચિવશ્રી,
મા.રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય , સચિવાલય, ગાંધીનગર

(3) મા.અગ્રસચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય ,ગાંધીનગર

(૪) મા. કમિશ્નરશ્રી ,
શાળાઓની કચેરી, બ્લોક નં ૯/૧ , ડાં.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર

➢ નકલ રવાનાઃ-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
સૂચવ્યા મુજબ ગુણોત્સવની કામગીરીનું મોનીટરીંગ અને સંકલન કરવા અંગે.

(૨) સહ તંત્રીશ્રી, માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ ,
(સામાયિકમાં પરીપત્ર પ્રસિદ્ધ કરવા અંગે )